## -: પ્રવેશ પ્રક્રિયા :-

## F. Y. B. A.

ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજની ), અમદાવાદ માં ૧૯૯૨ ના વર્ષથી આર્ટસ ફેકલ્ટી શરૂ થયેલ છે. આ કોલેજ માં આર્ટસ ફેકલ્ટીનો અભ્યાસ માત્ર ગુજરાતી માધ્યમ માં થાય છે. F. Y. B. A. નાં કુલ ૦૨ ડિવિઝન (૦૧ 'એ' સ્ટ્રીમ ડિવિઝન અને ૦૧ 'બી'સ્ટ્રીમ ડિવિઝન ) છે. F. Y. B. A. નું પ્રવેશફોર્મ નિયત ફી થી કોલેજ કાર્યાલયમાં ઉપલબ્ધ હોય છે.

**મુખ્ય વિષય :** સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર

**ગૌણ વિષય :** સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર

**પ્રવેશ માટેની જરૂરી શરત :-**

૧) ધોરણ ૧૨ (૧૦+૨) ની પેટર્ન મુજબની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. ધોરણ ૧૨ ની પરીક્ષા રાજય સરકાર / કેન્દ્ર સરકાર / અન્ય રાજય સરકાર દ્વારા માન્ય બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. પ્રવેશ માત્ર મેરીટ નાં આધારે પ્રાપ્ત થાય છે.

૨) ગુજરાત રાજય સિવાયના કેન્દ્ર સરકાર કે અન્ય રાજય સરકાર માન્ય બોર્ડ માંથી ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટી માંથી Provisional Eligibility Certificate ( કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર ) મેળવવું અત્યંત આવશ્યક છે. તે સિવાય વિદ્યાર્થી પ્રવેશપાત્ર નથી.

૩) કોલેજમાં પ્રવેશ મળ્યા બાદ ગુજરાત યુનિવર્સિટી નું એનરોલમેન્ટ ફોર્મ તથા ફી ભરવી ફરજીયાત છે અન્યથા યુનિવર્સિટી ની પરીક્ષા આપી શકાશે નહિ અને પ્રવેશ રદબાતલ થશે.

**પ્રવેશપત્ર સાથે નીચેના પ્રમાણપત્રો સામેલ રાખવા :-**

૧) ધોરણ ૧૨ ની પરીક્ષા ની અસલ માર્કશીટ અને તેની પ્રમાણિત કરેલ ત્રણ નકલ

૨) શાળા છોડયાનાં પ્રમાણપત્રની પ્રમાણિત કરેલ એક નકલ

૩) ટ્રાયલ સર્ટિફિકેટ ની પ્રમાણિત કરેલ એક નકલ

૪) જાતિ અંગેનો દાખલો ( જો લાગુ પડતું હોય તો )

૫) ફી માફીનું કાર્ડ ( જો લાગુ પડતું હોય તો )

૬) ક્રીમીલેયર કાર્ડ માત્ર SEBC (બક્ષીપંચ ) વિદ્યાર્થીઓ માટે જ

૭) પાર્સપોર્ટ સાઈઝનાં બે ફોટોગ્રાફ

૮) પ્રોવીઝનલ એલીજીબીટી પ્રમાણપત્ર ( ઓરીજીનલ ) ( જો લાગુ પડતું હોય તો )

**અભ્યાસ ના વિષયો :-**

૧) ફરજીયાત અંગ્રેજી

- અંગ્રેજી માધ્યમ - એ સ્ટ્રીમ (ધો.૧૨ ની પરીક્ષામાં અંગેજી વિષય હોય તો)
- અંગ્રેજી માધ્યમ - બી સ્ટ્રીમ(ધો.૧૨ ની પરીક્ષામાં અંગેજી વિષય ન હોય તો)

૨) ફરજીયાત સંસ્કૃત

૩) મુખ્ય વિષય પેપર નં.૧

૪) મુખ્ય વિષય પેપર નં.૨

૫) પ્રથમ ગૌણ વિષય પેપર નં.૧

૬) પ્રથમ ગૌણ વિષય પેપર નં.૨

૭) દ્વિતીય ગૌણ વિષય પેપર નં.૭

**પ્રવેશ મેળવ્યા બાદની આવશ્યક શરતો :-**

૧) આ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીએ NCC , NSS કે SPORT માં એડમીશન લેવું ફરજીયાત છે.

૨) યુનિવર્સિટીનું નું એનરોલમેન્ટ ફોર્મ ભરવું અત્યંત જરૂરી છે. અન્યથા યુનિવર્સિટી ની પરીક્ષા આપી શકાશે નહિ અને પ્રવેશ રદબાતલ થશે.એનરોલમેન્ટ ફોર્મ ભરતી વખતે ધોરણ ૧૨ ની માર્કશીટ ની પ્રમાણિત નકલો, બે પાર્સપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, યુનિવર્સિટીનું પ્રોવીજીનલ એલીજીબીટી સર્ટીફીકેટ ની પ્રમાણિત નકલ ( જો લાગુ પડતું હોય તો ) સાથે રાખવી.

૩) દરેક તાસમાં હાજરી લેવાય છે. આથી વિદ્યાર્થીએ કોલેજમાં નિયમિત હાજરી આપવી. યુનિવર્સિટી દ્વારા નિયત હાજરી કરતાં ઓછી હાજરી વાળા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની તથા કોલેજની કસોટી આપી શકશે નહિ.

૪) કોલેજના પ્રવેશ, પરીક્ષાલક્ષી કે અન્ય કોઈપણ કામ વખતે વિદ્યાર્થીએ રૂબરૂ નિયત સમય દરમ્યાન કાર્યાલનો સંપર્ક કરવો.

૫) કોલેજની પ્રથમ અને દ્વિતિય કસોટી આપવી ફરજીયાત છે. ખાસ અને અસાધારણ સંજોગોમાં આચાર્યશ્રીની પૂર્વમંજુરી સિવાય કોઈપણ વિદ્યાર્થીને રીટેસ્ટ આપી શકશે નહિ.

૬) દ્વિતિય સત્રની ફી તથા યુનિવર્સિટીની ફી નિયત સયમમર્યાદામાં અચૂક ભરવી અન્યથા પ્રવેશ રદબાતલ થશે.

૭) કોલેજનું I -Card તથા ફી રસીદ વિદ્યાર્થીએ હંમેશા પોતાની પાસે રાખવી.

૮) પ્રથમ વર્ષ ના વિદ્યાર્થી ઓએ મેડીકલ ચેક અપ કરાવવુ જરૂરી છે.

**ફી નું ધોરણ**

**પ્રથમ સત્રની ફી રૂ.૯૫૦/- છે.**

**દ્વિતિય સત્રની ફી રૂ.૮૦૫/- છે.**

**રીટેસ્ટની ફી પેપરદીઠ રૂ.૫૦/- છે.**

**યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા ફી રૂ.૧૦૦/- છે.**

**ઉપરોકત ફીનાં આંકડા ગત વર્ષ અનુસાર છે,જે વખતોવખત નિયમાનુસાર ફેરફારને પાત્ર છે.બહેનો તથા અનામત કેટેગરી વાળા વિદ્યાથી ઓને નિયમાનુસાર માત્ર શિક્ષણ ફી ભરવાની રહેતી નથી.**

**પરીક્ષા :-**

૧) કોલેજ દ્વારા લેવાતી આંતરિક પરીક્ષા તથા યુનિવર્સિટી પરીક્ષા આપવી ફરજીયાત છે.

૨) પરીક્ષાના ગુણાંકન ની ગણતરી :-

| | | |
|---|---|---|
| પ્રથમ કસોટીના | : | ૫૦ ગુણ |
| દ્વિતિય કસોટીના | : | ૧૦૦ ગુણ |
| રીટેસ્ટના ગુણ જો હોય તો : | | |
| કુલ ગુણ | : | ૧૫૦ ગુણ |
| રાઉન્ડ ઓફ | : | ૧૫૦/૬ = ૨૫ ગુણ |
| ટ્યુટોરીયલ | : | ૦૫ ગુણ |
| આંતરિક ગુણાંકન | : | ૩૦ ગુણ |
| યુનિવર્સિટી ગુણ | : | ૭૦ ગુણ |
| કુલ ગુણ | : | ૧૦૦ ગુણ |

૩) પાસ થવા માટેનું લઘુત્તમ ગુણ પ્રમાણ

ફરજીયાત અંગ્રેજી, ફરજીયાત સંસ્કૃત, દ્વિતીય ગૌણ વિષય માટે

| | | |
|---|---|---|
| આંતરિક ગુણાંકન માં | : | ૧૧/૩૦ |
| યુનિવર્સિટી ગુણાંકન માં | : | ૨૫/૭૦ |

મુખ્ય વિષય પેપર નં. ૧ અને પેપર નં. ૨ નાં ગુણ સયુંકત રીતે ગણવામાં આવે છે. તે જ રીતે પ્રથમ ગૌણ વિષય પેપર નં. ૧ અને પેપર નં. ૨ નાં ગુણ સયુંકત રીતે ગણવામાં આવે છે. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| આંતરિક ગુણાંકન માં | : | ૨૨/૬૦ |
| યુનિવર્સિટી ગુણાંકન માં | : | ૫૦/૧૪૦ |

જો મુખ્ય વિષય અને પ્રથમ ગૌણ વિષયમાં લઘુતમ પ્રમાણ કરતાં ઓછા માર્કસ આવે તો મુખ્ય વિષય પેપર ૧ અને પેપર ૨ એમ બંન્ને પેપરની પરીક્ષા આપવી પડે.

જો પ્રથમ ગૌણ વિષયમાં લઘુત્તમ પ્રમાણ કરતાં ઓછા માર્કસ આવે. તો પ્રથમ ગૌણ પેપર નં. ૧ અને પેપર નં. ૨ એમ બંન્ને પેપરની પરીક્ષા આપવી પડે.

૪) જો આંતરિક ગુણાંકન માં લઘુત્તમ ગુણ પ્રમાણ થી ઓછા ગુણ હોય તો તેને આંતરિક ગુણાંકન ATKT (Internal ATKT)કહેવાય.

૫) યુનિવર્સિટી માં લઘુત્તમ ગુણ પ્રમાણ થી ઓછા ગુણ હોય તેને External ATKT કહેવાય.

૬) જો વિદ્યાર્થીને પાસ થવાનાં લઘુત્તમ ગુણ પ્રમાણ કરતાં ઓછા ગુણ ત્રણ વિષયમાં હોય તો વિદ્યાર્થીને ATKT મળે છે, પણ આ વિદ્યાર્થી દ્વિતિય વર્ષમાં પ્રવેશપાત્ર બને છે. પણ જો ત્રણ વિષય કરતા વધુ વિષયમાં લઘુત્તમ ગુણ પ્રમાણ કરતા ઓછા ગુણ હોય તો વિદ્યાર્થી Fail કહેવાય અને દ્વિતિય વર્ષ પ્રવેશપાત્ર નથી.

૭) Internal ATKT હોય તો જે તે વિષયની યુનિવર્સિટી ની પરીક્ષા પણ ફેરથી આપવી જરૂરી છે.

૮) Internal ATKT વાળા વિદ્યાર્થીએ કોલેજ ની પ્રથમ અને દ્વિતિય સત્રની પરીક્ષા આપવી અનિવાર્ય છે.

૯) યુનિવર્સિટી ની પરીક્ષામાં ATKT વાળા વિદ્યાર્થીઓ ઓકટોબર - નવેમ્બર માસમાં યોજાતી યુનિવર્સિટી ની પરીક્ષા આપી શકશે. આ માટેનાં ફોર્મ સામાન્યતઃ સપ્ટેમ્બર માસના અંતમાં અથવા તો ઓકટોબર માસની શરૂઆતમાં યુનિવર્સિટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા હોય છે.

૧૦) યુનિવર્સિટીની પરીક્ષામાં Fail વાળા વિદ્યાર્થીઓ યુનિવર્સિટી દ્વારા આયોજીત ઓકટોબર - નવેમ્બર માસની પરીક્ષામાં આપી શકશે નહિ. આવા વિદ્યાર્થીઓએ માર્ચ - એપ્રિલ માસ માં યુનિવર્સિટી દ્વારા આયોજીત પરીક્ષા આપવાની રહેશે. આ માટેના ફોર્મ સામાન્યતઃ ડિસેમ્બર માસમાં આ અંગેના ફોર્મ પ્રસિધ્ધ થાય છે.